# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 18-09-2024 સવારે : 7.10 થી 7.20

1) ગાંધીનગરમાં યોજાયેલા રિ-ઇનવેસ્ટ સંમેલનના સમાપન સમારોહમાં આજે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ વિશેષ ઉપસ્થિત રહેશે.
2) રિ-ઇન્વેસ્ટ સંમેલનના બીજા દિવસે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા.
3) તબીબી શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે આજના પરિપ્રેક્ષ્યમાં બાળ માનસિકતાને સમજીને સંશોધન કરવા પર ભાર મૂક્યો.
4) “એક પેડ મા કે નામ” અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વૃક્ષ વાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે
5) અંબાજી મહામેળાનો આજે છેલ્લો દિવસ – અત્યાર સુધી 26 લાખથી વધુ ભક્તોએ માતાજીનાં દર્શન કર્યા.

## RE INVEST PRAHLAD JOSHI

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ગાંધીનગરમાં પુન:પ્રાપ્ય ઊર્જા રોકાણ રિ-ઇન્વેસ્ટ સંમેલનના વિદાય સત્રની અધ્યક્ષતા કરશે. કેન્દ્રીય નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ ગઇકાલે જણાવ્યું કે, ગાંધીનગરમાં યોજાયેલી પુન:પ્રાપ્ય ઊર્જા રોકાણકાર– રિ-ઇન્વેસ્ટ સંમેલનની ચોથી આવૃત્તિમાં રોકાણકારોએ વર્ષ 2030 સુધીમાં પુન:પ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટ્સમાં કુલ 32 લાખ 45 હજાર કરોડનાં રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગાંધીનગરમાં ગઇકાલે પત્રકાર પરિષદને સંબોધતા શ્રી જોષીએ જણાવ્યું કે, વિવિધ રાજ્ય સરકારો અને ખાનગી ઉત્પાદકોએ વર્ષ 2030 સુધીમાં સૌર અને પવન ઊર્જા સહિતનાં અક્ષય ઊર્જા ક્ષેત્રોમાં નોંધપાત્ર રોકાણ કરવાની ખાતરી આપી છે. તેમણે જણાવ્યું કે, ઊર્જા ક્ષેત્રમાં તાજેતરમાં આવેલા પરિવર્તનનાં મોજામાં ભારત અગ્રણી રહ્યું છે અને હવે લોકોમાં પુનઃપ્રાપ્ય ઊર્જા અંગે જાગૃતિ ફેલાવવાનો સમય આવી ગયો છે.

.................

## RE INVEST SECOND DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાત એ વૈશ્વિક સ્થળ અને 'ભવિષ્યના પ્રવેશદ્વાર' સાથે પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતનો મહત્તમ વિનિયોગ કરીને તે ક્ષેત્રમાં મહત્વનો ભાગ ભજવી રહ્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રિ-ઇન્વેસ્ટ સંમેલનમાં ગઈકાલે યોજાયેલા ગુજરાત સેશનમાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે કહ્યું, પવન ઊર્જા અને સોલાર ઊર્જાના ઉત્પાદનમાં ગુજરાત અગ્રણી રાજ્ય છે. રાજ્યની 50 હજાર મેગાવૉટથી વધુની સ્થાપિત ઊર્જા ક્ષમતામાં 54 ટકા ભાગ પુનઃપ્રાપ્ય ઊર્જાનો છે.

મુખ્યમંત્રી રિ-ઇન્વેસ્ટ સંમેલનના સ્ટેટ સેશન અંતર્ગત 'મિશન 100 ગીગાવૉટ ઑફ રિન્યૂએબલ એનર્જી ઇન ગુજરાત'નું લોકાર્પણ તથા 'ગુજરાત એનર્જી વિઝન 2047'નું વિમોચન કર્યું હતું. શ્રી પટેલની ઉપસ્થિતિમાં P.G.C.I.L. અને રાજ્ય સરકાર વચ્ચે 5 હજાર કરોડ રૂપિયા, G.S.E.C. અને G.U.V.N.L. વચ્ચે 59 હજાર કરોડ રૂપિયા, અવાડા એનર્જી અને G.P.C.L. વચ્ચે 85 હજાર કરોડ રૂપિયા અને જૂનીપર ગ્રીન એનર્જી અને G.E.D.A. વચ્ચે 30 હજાર કરોડ રૂપિયાના એમ ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

.................

## RE INVEST KANU DESAI

રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, રિ-ઇન્વેસ્ટ સમિટના બે જ દિવસમાં શપથપત્રના માધ્યમથી અંદાજે 3 લાખ 25 હજાર કરોડ રૂપિયાથી વધુના રોકાણની જાહેરાત થઈ છે. દેશમાં પ્રધાનમંત્રી સૂર્યઘર યોજના અંતર્ગત એક કરોડ ઘર ઉપર સોલાર સિસ્ટમ લગાવવાનું લક્ષ્યાંક છે, જેની સામે રાજ્યને 10 લાખનો લક્ષ્યાંક મળ્યો છે. ગાંધીનગરમાં યોજાયેલા રિ-ઇન્વેસ્ટ સંમેલનના બીજા દિવસે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ "એક્સપ્લોરિંગ ક્લાઇમેટ ફાઇનેન્સ અપાર્ચ્યૂનિટી ફૉર ગુજરાત" વિષય પર  યોજાયેલી C.E.O. રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સની અધ્યક્ષતા કરી હતી.

આ સંમેલનમાં ગઈકાલે રાજ્યના ગ્રીન હાઈડ્રોજન, કલાઇમેટ ચેન્જ વગેરે જેવા વિષયો ઉપર સેમિનાર પણ યોજાયા હતા. શ્રી દેસાઈએ ઉંમેર્યું કે, પુનઃપ્રાપ્ય ઊર્જામાં સમગ્ર દેશમાં 200 ગીગાવૉટની ક્ષમતામાં ઉત્પાદન થયું, જે અંતર્ગત રાજ્યમાં 30 ગીગાવૉટની ક્ષમતામાં ઉત્પાદન થયું છે.

.................

## RUSHIKESH PATEL CHILDRENS UNIVERSITY

રાજ્યના તબીબી શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે “સંકલ્પ સે સિદ્ધિ કી ઔર કૃતાર્થ 2024” કાર્યક્રમ યોજાઈ ગયો. દરમિયાન શ્રી પટેલે આજના પરિપ્રેક્ષ્યમાં બાળ માનસિકતાને સમજીને સંશોધન કરવા પર ભાર મુક્યો હતો. શ્રી પટેલે કહ્યું, આજના સમયમાં   બે વર્ષનું નાનું બાળક મોબાઈલમાં વ્યસ્ત રહીને સમય પસાર કરે છે. સમયની સાથે બાળકોનું પરિપ્રેક્ષ્ય બદલાયું છે, જેને સમજવાની જરૂર છે.

શ્રી પટેલ સહિત મહાનુભાવોએ યુનિવર્સિટીના 40થી પણ વધુ વાર્ષિકકાર્યોનો પ્રારંભ કરાવ્યો હતો. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી આ વર્ષ ચેસ વર્ષ તરીકે ઉજવશે, જેમાં 5 લાખ રૂપિયાની ઈનામી સ્પર્ધા 'સ્ટૂડન્ટ ચેસ મીટ'નું પણ આયોજન કરાશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

.................

## GUJARAT EK PED MAA KE NAAM

"એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વૃક્ષ વાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 13 કરોડ 95 લાખ વૃક્ષ વાવવામાં આવ્યા છે. આ અભિયાનને ધ્યાનમાં રાખી ગઈકાલે ગાંધીનગરમાં નવા સચિવાલય સંકુલના પ્રાંગણમાં વિશેષ વૃક્ષારોપણ અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર  પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને વનમંત્રી મૂળુભાઈ બેરાએ વૃક્ષારોપણ કર્યું હતું.

ઉપરાંત રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સહિત 2 હજાર 300 જેટલા કર્મયોગી આ અભિયાનમાં જોડાયા હતા. વનમંત્રી  મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે, આ વિશેષ અભિયાન રાજ્યના 33 જિલ્લામાં પણ યોજવામાં આવ્યું છે અને જિલ્લાઓની કચેરીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે.

.................

## AMBAJI MELO

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનો આજે છેલ્લો દિવસ છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, મેળાના છઠ્ઠા દિવસે ગઈકાલે 4 લાખ 57 હજાર ભક્તોએ માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો. મેળા દરમિયાન અત્યાર સુધીમાં કુલ 26 લાખ 92 હજાર ભક્તોએ દર્શન કર્યા છે. અત્યાર સુધી મંદિરને 2 કરોડ 28 લાખ રોકડ અને 29 કિલો 150 ગ્રામ સોનાનું દાન પ્રાપ્ત થયું છે.

મેળામાં અત્યાર સુધીમાં 16 લાખ 61 હજાર મોહનથાળના પ્રસાદના પેકેટનું વિતરણ કરાયું છે. જ્યારે 4 લાખ 39 હજાર યાત્રાળુઓએ એસ.ટી. બસમાં મુસાફરી કરી હોવાના અહેવાલ છે

.................

## BHAVNAGAR- ANAJ ATM

કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણીયા અને રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારે ગઇકાલે ભાવનગરમાં રાજ્યના પ્રથમ અન્નપૂર્તિ મશીનનું લોકાર્પણ કર્યું.

કેન્દ્રીય રાજ્યમંત્રીએ જણાવ્યું કે, અનાજના એ. ટી. એમ દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉં તથા ચોખાનો જથ્થો તેમના આધાર આધારિત બાયોમેટ્રિક પદ્ધતિ દ્વારા મળી શકશે. તેમણે ઉમેર્યું કે, ટેક્નોલોજી સાથે સુમેળ સાધીને "અન્નપૂર્તિ" અનાજ એ.ટી.એમના માધ્યમથી જાહેર વિતરણ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ, પારદર્શક તથા સુગમ્ય બનવા તરફ જઈ રહી છે.

રાજ્યમંત્રી ભિખુસિંહ પરમારે જણાવ્યું કે, અન્નપૂર્તિ મશીન થકી લાભાર્થીઓની ફરિયાદ દૂર થશે અને તેઓ 24 કલાકમાંથી ગમે ત્યારે જરૂરી રાશન મેળવી શકશે.

.................

## VADODAR NEW SCHOOL

વડોદરા જિલ્લામાં ચાર નવી સરકારી માધ્યમિક શાળાને મંજૂરી મળી છે.. વાઘોડિયા તાલુકાના લીમડા, સાંગાડોલ, વ્યારા અને ડભોઇ તાલુકાના અકોટીમાં નવી શાળામાં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો હતો. તાજેતરમાં જ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં બિનઆદિજાતિ વિસ્તારમાં કુલ 130 અને આદિજાતિ વિસ્તારમાં 32 એમ 162 જેટલી સરકારી માધ્યમિક શાળાઓના વર્ષ 2024-25માં નવી મંજુર કરાઇ છે. આ શાળાઓમાં અંદાજે 45 જેટલા વિદ્યાર્થીને શૈક્ષણિક કીટ આપીને તમામ વિદ્યાર્થીઓનો પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

.................

## PATAN MRUTAKONA SAHAY

પાટણમાં ગણેશ વિસર્જન દરમિયાન નદીમાં ડૂબી ગયેલા 4 લોકોના પરિવારજનોને રાજ્ય સરકારે સહાય પેટે ચાર-ચાર લાખ રૂપિયા આપ્યા છે. અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, સાંસદ ભરતસિંહ ડાભીના હસ્તે મૃતકના પરિવારજનોને આ સહાયના ચેક અપાયા હતા. સિદ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત અને પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ આ સહાય માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી.

.................

## KHEDA SWACHTA HI SEVA

ખેડા જિલ્લામાં વિવિધ સ્થળોએ સફાઈ, વૃક્ષારોપણ, સફાઈ કર્મચારીઓની આરોગ્ય તપાસ દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ કરાયો હતો. અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે, આ કાર્યક્રમ અંતર્ગત નડિયાદના પીપલગ ખાતે આરોગ્ય કેમ્પમાં સફાઈકર્મીઓના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી અને નડિયાદની સિવિલ હૉસ્પિટલ ખાતે સ્વચ્છતાના શપથ લેવામાં આવ્યા હતા.

તો આ તરફ મહેમદાવાદના વિરેશ્વર મહાદેવ મંદિર, મહુધાના મીનાવાડા મંદિર પરિસર તેમ જ જાહેર જગ્યાઓ પર સફાઈ કરી તમામ લોકોને સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા. આ પ્રંસગે તમામ મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં જિલ્લાવાસીઓ જોડાયા હતા.

.................

## GANESH VISARJAN

રાજ્યભરમાં દસ દિવસ સુધી યોજાયેલા ગણેશોત્સવનું ગઇકાલે અનંત ચતુર્દશીએ સમાપન થયું. ગણેશજીની પૂજા, અર્ચના અને આરાધના બાદ ભારે હૈયે ગણેશ ભક્તોએ તેમનું વિસર્જન કર્યું. શહેરોમાં વહીવટી તંત્ર દ્વારા કરાયેલા કૃત્રિમ કુંડમાં તેમજ અન્ય સ્થળોએ તળાવ અને નદીઓમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગણેશની પ્રતિમાઓનું વિસર્જન કરાયું.

.................